# ભગવાન શ્રીકૃષ્ણ સ્વયંને બંધાવા દે છે

## ઈશા સરદેસાઈ દ્વારા પુનર્લિખિત

ઘણા યુગો પહેલાં, ભારતમાં સ્વયં ભગવાને શ્રીકૃષ્ણના રૂપમાં તેમની બાલ્યાવસ્થાનો સમય ગોકુળમાં લીલાંછમ ખેતરો અને બગીચાઓમાં વીતાવ્યો હતો. આ એ બધાં ખેડૂતો અને ગોવાળિયાઓ માટે અત્યંત આનંદનો સમય હતો, જેમને એ સમયે ગોકુળમાં રહેવાનું સૌભાગ્ય પ્રાપ્ત હતું. દરરોજ બાળકૃષ્ણ નવી-નવી લીલાઓ કરતા જેને જોઈને બધાં લોકો આશ્ચર્યચકિત થઈ જતાં અને તેમાંથી શીખતાં.

આવા જ એક દિવસે, કૃષ્ણની માતા યશોદા તેમના ઘરની બહાર આંગણામાં બેઠાં હતાં અને તેમની સામે માટીનું એક મોટું માટલું હતું. માટલામાં મલાઈ ભરેલી હતી અને તેની વચ્ચે દોરડાથી બાંધેલી લાકડીની એક જાડી રવઈ હતી. યશોદા માતા વારાફરતી દોરડાને એક બાજુથી બીજી બાજુ ખેંચી રહ્યાં હતાં જેનાથી રવઈ પહેલાં એક તરફ અને પછી બીજી તરફ ફરી રહી હતી. તેઓ માખણ કાઢી રહ્યાં હતાં.

તેઓ દોરડાને આગળ-પાછળ ખેંચી રહ્યાં હતાં, અને જેમ-જેમ મલાઈ ઘટ્ટ થઈને માખણ બનવા લાગ્યું, તેમનો ચહેરો પરસેવાથી ચમકવા લાગ્યો અને તેમના વાળ માથા પર ચોંટવા લાગ્યા. તેઓ પોતાના કામમાં એટલા મગ્ન હતાં કે તેમને ખબર જ ન પડી કે કૃષ્ણ અંદરથી બહાર આવી રહ્યા છે.

‘‘મૈયા?’’ કૃષ્ણનો મધુર, મોહક સ્વર સંભળાયો. એ સમયે તેઓ નાના બાળક જ હતા.

યશોદા માતાએ ચમકીને જોયું. કૃષ્ણ તેમની સામે ઊભા હતા. તેમના ચહેરા પર કાજળ ફેલાયેલું હતું. એવું લાગી રહ્યું હતું જાણે કે તેઓ રડી રહ્યા હતા.

યશોદા પૂછે કે શું થયું તેની પહેલાં જ અધીરતાથી કૃષ્ણ કહેવા લાગ્યા, ‘‘મૈયા! મને ભૂખ લાગી છે! કંઈક ખાવાનું આપો.’’

તેમના આમ કહેવાથી યશોદા હસી પડ્યાં, તેમના ખભા સહજ થઈ ગયા. ‘‘બસ, આટલી જ વાત છે?’’ તેમણે કહ્યું. તેમણે કૃષ્ણને પોતાના ખોળામાં લઈ લીધો, તેમને થોડું માખણ આપ્યું અને ફરીથી રવઈ ફેરવવાં લાગ્યાં.

પણ થોડીવાર પછી યશોદા માતા ફરીથી થોભ્યાં. કૃષ્ણે તેમની સામે જોઈને આંખો પટપટાવી. યશોદા માતાના ચહેરા પર ગભરાટ દેખાયો.

‘‘દૂધ!’’ યશોદાએ ગભરાઈને કહ્યું. ‘‘મેં તેને ચૂલા પર રાખ્યું હતું! તે કોઈપણ ક્ષણે ઊભરાઈ જશે!’’

તેમણે એકાએક કૃષ્ણને ખોળામાંથી ઉતાર્યો અને ઘરની અંદર દોડ્યાં. કૃષ્ણે તેમને જતાં જોયા. તેમના કપાળ પર કરચલી પડી ગઈ, હોઠ નીચે નમી ગયાં અને જોર-જોરથી ધ્રૂજવા લાગ્યા. એવું લાગ્યું કે તેમની મૈયાને તેમના કરતાં પણ વધારે ચિંતા દૂધની હતી!

તેમણે માખણના માટલા સામે જોયું. અચાનક તેમને એક વિચાર આવ્યો. તેઓ માટલાની પાસે આવ્યા, રવઈને ખેંચીને બહાર કાઢી, અને પછી - તડાડડડડડડડક! એક જ ઝટકામાં તેમણે રવઈને માટલા પર જોરથી મારી દીધી.

માટલાના ટુકડા ચારેબાજુ ફેલાઈ ગયા. ચીકણું સફેદ માખણ જમીન પર ચારેબાજુ વિખેરાઈ ગયું. માખણ વ્યર્થ ન જાય એટલે કૃષ્ણે પાસે જ રાખેલા એક પાત્રમાં જેટલું આવી શકે તેટલું માખણ ભરી લીધું. તેમણે વાટકીને પોતાની છાતીથી લગાવી, પોતાની આંગળીઓ ચાટી અને પછી પોતાના ઈનામને લઈને બહાર ભાગી ગયા.

માટલાંના ટૂટવાનો અવાજ સાંભળીને યશોદા માતા તપાસ કરવા માટે બહાર દોડ્યાં. પરંતુ ત્યાં સુધી, કૃષ્ણ તો જતા રહ્યા હતા. યશોદાએ પોતાના આખા દિવસની મહેનતના અવશેષોને ચારેબાજુ જોયા. માટલાના ટુકડા આંગણામાં વેરવિખેર પડ્યા હતા અને જમીન માખણથી ચીકણી થઈ ગઈ હતી.

યશોદાએ તેની આંખો બંધ કરીને માથા પર હાથ મૂકી દીધો. તેઓ જાણતાં હતાં કે તેમનો કૃષ્ણ નટખટ છે, પણ આ તો કંઈક વધારે જ થઈ ગયું હતું. તે હંમેશાં આવો ઉપદ્રવ કેમ કરતો રહે છે? કેટલીવાર તે માખણ ચોરશે? નિસાસો નાંખીને, તેમણે પોતાની સાડીના છેડાને કમરમાં ખોસ્યો અને કૃષ્ણને શોધવા બહાર નીકળી ગયાં.

હવે કૃષ્ણ જેઓ ભગવાનના અવતાર હતા, તેઓ જ્યાંસુધી ઇચ્છતા, ત્યાંસુધી પોતાને સંતાડી શકતા હતા. પોતાને બીજા સામે પ્રગટ કરવું એ તેમની પોતાની ઇચ્છા અને કરુણા પર નિર્ભર હતું. તેથી તેઓ ઘરની પાસે વૃક્ષની ડાળી પર બેસીને તેમને જોતા રહ્યા. યશોદા તેમનું નામ પોકારતાં, ચારેબાજુ દોડતાં-દોડતાં તેમને ઝાડીઓમાં શોધી રહ્યાં હતાં અને પડોશીઓથી પોતાનો માખણચોર પુત્ર ક્યાં ગયો તેના વિશે પૂછી રહ્યાં હતાં.

થોડાં સમય સુધી આવું જ ચાલતું રહ્યું અને હવે યશોદા માતા થોડાં ચિંતિત દેખાવા લાગ્યાં હતાં, તેથી કૃષ્ણને તેમના પર દયા આવી ગઈ. તેમણે માતાનું ધ્યાન ખેંચવા માટે વૃક્ષનાં પાંદડાંને હલાવ્યાં.

યશોદાએ તરત જ ઉપર જોયું. તેમનો પુત્ર ત્યાં જ હતો, જે એ વૃક્ષ પર બેઠેલા વાંદરાઓ તરફ માખણના ગોળા ઉછાળવામાં વ્યસ્ત અને મસ્ત હતો. થોડા ગોળા ફેંક્યા પછી તે થોભતો અને પોતે પણ થોડું માખણ ખાઈ લેતો.

યશોદાએ કઠોર શબ્દોમાં બૂમ પાડી, ‘‘કૃષ્ણ, વૃક્ષથી તરત નીચે ઉતર. બહુ થઈ તારી મસ્તી!’’

કૃષ્ણે મોહક સ્મિત સાથે તેમને જોયા અને આજ્ઞાકારી પુત્રની જેમ વૃક્ષ પરથી ઉતરી ગયા. તેઓ માતાની સામે આવીને ઊભા રહી ગયા, તેમની આંખો ભોળપણના ભાવથી વધુ મોટી થઈ ગઈ હતી, તેમના મોં અને હાથ પર માખણ લાગેલું હતું.

‘‘તમે મને શોધી રહ્યાં હતાં, મૈયા?’’

‘‘શું? શું હું તને શોધી રહી હતી?’’ તેઓ અવિશ્વાસથી બોલ્યાં. તેમણે પોતાનું માથું હલાવ્યું, એકપણ શબ્દ બોલ્યા વિના તેઓ કૃષ્ણને હાથથી ખેંચીને ઘરની તરફ ચાલવાં લાગ્યાં.

ઘરની સામે પહોંચતાં જ તેમણે કહ્યું, ‘‘અહીંયા જ ઊભો રહેજે. હાલતો નહીં. હું હમણાં જ આવું છું’’. તેઓ ઘરની અંદર ગયાં.

થોડીવારમાં તેઓ ફરીથી બહાર આવ્યાં, તેમના હાથ પર એક લાંબું દોરડું લપેટાયેલું હતું.

‘‘હવે હું તને આ થાંભલા સાથે બાંધવાની છું,’’ ઘરની પાસે આવેલાં એક થાંભલા તરફ ઈશારો કરીને તેમણે કહ્યું. ‘‘તારું ભાગવાનું બંધ. માખણની માટલીઓ ફોડવાનું બંધ.’’

કૃષ્ણે એવા જ મોહક સ્મિત સાથે માતા યશોદાની સામે જોયું. તેમના હાવભાવ એટલા દિવ્ય હતા કે યશોદા પાછું ફરીને જોવા માટે વિવશ થઈ ગયાં. સાચી વાત તો એ હતી કે જ્યારથી તેમણે કૃષ્ણને વૃક્ષ પર શોધી લીધો હતો, ત્યારથી જ તેમનું હૃદય ભાવવિભોર થઈ ગયું હતું. પરંતુ આ સમયે આમ કરવું જરૂરી હતું. આવી મસ્તી હવે નહીં ચાલે. કૃષ્ણને દોરડાથી બાંધવા માટે આગળ વધતી વખતે, એક ક્ષણ લઈને માતાએ પોતાના મનને કઠોર કરી લીધું.

તેમણે દોરડાનો એક છેડો પકડ્યો અને બીજા છેડા માટે પોતાના હાથને થાંભલાના ફરતે લઈ ગયાં. પરંતુ જ્યારે તેમણે દોરડાને કૃષ્ણના પેટ સુધી ખેંચવાનો પ્રયાસ કર્યો તો એક વિચિત્ર વાત થઈ. દોરડું ટૂંકું પડી ગયું!

યશોદાને કંઈ સમજાયું નહીં. તેમને પૂરો વિશ્વાસ હતો કે દોરડું ઘણું લાંબું પડશે. હકીકતમાં, તેમણે વિચાર્યું હતું કે દોરડું જરૂરિયાત કરતાં ઘણું વધારે લાંબું પડશે. તેમણે તેને જોરથી ખેંચવાનો પ્રયાસ કર્યો, પરંતુ કંઈ લાભ ન થયો. દોરડું ભગવાનને બાંધી શક્યું નહીં.

પોતાની વાતને પૂરી કરવા માટે, માતા યશોદા વધારે દોરડું લેવા જતાં રહ્યાં. તેમણે એ દોરડાની સાથે આ નવા દોરડાને બાંધી દીધું. દોરડાની સંયુક્ત લંબાઈ પૂરા આંગણા જેટલી થઈ ગઈ હતી. સંતુષ્ટ થઈને યશોદા પોતાના પુત્રની તરફ ફર્યાં અને દોરડાને ફરીથી તેની ચારે બાજુ લપેટી દીધું.

જો કે, કોઈ કારણ વિના, અને કોઈ તર્કસંબંધ સ્પષ્ટીકરણ વિના, ફરીથી એવું જ થયું. દોરડું હજીપણ ટૂંકું પડી ગયું.

‘‘શું?’’ યશોદા આશ્ચર્યચકિત થઈ ગયાં. તેઓ નિરાશ હતાં અને સમજી નહોતાં શકતાં કે તેમણે શું કરવું જોઈએ, તોપણ તેમણે દોરડાને ખેંચવાનું ચાલુ રાખ્યું. તેમણે લાંબામાં લાંબા દોરડાના ટુકડા લીધાં અને એ આશાથી તેમને તેની સાથે જોડયાં કે છેવટે તેમને પર્યાપ્ત લંબાઈનું દોરડું મળી જશે જેનાથી તેઓ કૃષ્ણને બાંધી શકશે. આ રીતે કલાકો વીતી ગયા. યશોદાના હાથ થાકીને સુસ્ત પડવા લાગ્યા. તેમને શ્વાસ લેવામાં પણ તકલીફ થવા લાગી. તેમણે ઘણો પ્રયત્ન કર્યો પરંતુ દોરડું દરેકવાર બે આંગળી જેટલું ટૂંકું જ પડતું.

અંતે, યશોદા માતાએ પોતાના હાથથી દોરડું છોડી દીધું. તેમણે પોતાના પુત્રની સામે એવી રીતે જોયું, જાણે તેઓ તેને પહેલીવાર જોઈ રહ્યાં હોય. યશોદાનું મોં થોડું ખુલ્લું હતું અને તેમની ભ્રમરો વચ્ચે એક રેખા ઊભરવા લાગી. કૃષ્ણ, જેઓ પૂરા સમય સુધી મૌન હતા, સહજતાથી તેમની તરફ જોવા લાગ્યા. કૃષ્ણની આંખો ચમકી રહી હતી.

જ્યારે યશોદા માતા લાંબા સમય સુધી તેમની તરફ જોઈ રહ્યાં હતાં ત્યારે તેમની ગભરામણ, આશ્ચર્યમાં બદલાઈ ગઈ અને આશ્ચર્ય આદરમાં બદલાઈ ગયું. યશોદાએ પોતાના અંતરમાં એક રૂપાંતરણનો અનુભવ કર્યો. પ્રેમની મોટી-મોટી લહેરો તેમના હૃદયમાંથી વહેવા લાગી. આદર અને ભક્તિથી તેમનું પૂરું અસ્તિત્વ શુદ્ધ થઈ ગયું હતું. તેમની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં.

કૃષ્ણે સ્મિત કર્યું. તેમણે કહ્યું, ‘‘મૈયા, શું તમે ફરીથી પ્રયાસ કરવા માંગો છો?’’

અને તેની સાથે જ, ભગવાને દોરડાના છેડાને પકડ્યા અને તેમના હાથમાં આપી દીધા.

© ૨૦૧૯ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.